**હેલ્પલાઈન: ૧૦૪**

सत्यमेव जयते

**COVID–19 અખબારી યાદી ક્રમાંક: ૪૧૦**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ગાંધીનગર.

*ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮*   *ઈ-મેલ: ssoidsp@gmail.com*

**તા.૨૨.૦૨.૨૦૨૧**

## પડોશી રાજ્યો મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશમાં વધતા કેસોને ધ્યાને લઇ રાજ્યમાં બોર્ડર ચેકપોસ્ટ ઊભી કરી તમામ યાત્રિકોનું સ્ક્રીનીંગ હાથ ધરાશે

## રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ ઉપર પણ સ્ક્રીનીંગ વ્યવસ્થા ઊભી કરાઈ

## રાજ્યમાં આજે કોવિડ–૧૯ ના ૩૧૫ કેસ નોંધાયા તથા ૨૭૨ દર્દીઓ સાજા થયા

## અત્યાર સુધી ૨,૬૧,૨૮૧ દર્દીઓ એ કોરોનાને આપી મ્હાત

## રાજ્યમાં સાજા થવાનો દર ૯૭.૭૦ ટકા

## કોરોના રસીકરણ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ– ૮,૧૩,૫૮૨ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૬૭,૩૦૦ વ્યક્તિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો

★★★★★

હાલમાં ગુજરાતના પડોશી રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશમાં કોવીડ-૧૯ ના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે જેને ધ્યાને લઇ રાજ્ય સરકારે સડક પરિવહન માર્ગે બોર્ડર ચેકપોસ્ટ ઊભી કરી આ રાજ્યોમાંથી આવતાં તમામ યાત્રિકોનું સ્ક્રીનીંગ હાથ ધરવાનું નક્કી કર્યું છે વધુમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ જેવા મહાનગરપાલિકા વિસ્તારમાં રેલ્વે સ્ટેશનો ઉપર સ્ક્રીનીંગ હાથ ધરવામાં આવશે અને રાજ્યના તામામ એરપોર્ટ ઉપર દેશ-વિદેશથી આવતા તમામ યાત્રિકોનું સ્ક્રીનીંગ હાથ ધરાશે આ સ્ક્રીનીંગ દરમ્યાન જે કોઈ વ્યક્તિને લક્ષણો દેખાશે તો તેઓને જરૂરી નિદાન હાથ ધરી પુરતી સારવાર પુરી પાડવામાં આવશે.

પડોશી રાજ્યોમાં વધી રહેલા કોવીડ-૧૯ ના કેસોને ધ્યાને લઈ રોગ અટકાયતના આગોતરા પગલાના ભાગરૂપે રાજ્યમાં ધનવંતરી રથની સંખ્યા વધારી તેની સેવાઓને વધુ સુદ્રઢ કરવામાં આવશે. લોકોને ટેસ્ટીંગ સુવિધા નજીકમાં મળી રહે તે માટે વધુમાં વધુ ટેસ્ટીંગ બુથ કાર્યરત કરવામાં આવશે. ILI/SARI ના કેસોનું સર્વેલન્સ સુદ્રઢ કરાશે.

અત્યાર સુધીમાં કુલ- ૮,૧૩,૫૮૨ વ્યકિતઓનું પ્રથમ ડોઝનું અને ૬૭,૩૦૦ વ્યકિતેઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું. અત્યાર સુધીમાં રાજયમાં એકપણ વ્યકિતને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળેલ નથી.

રાજય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે અને કોરોનાના કેસો કાબુમાં જોવા મળી રહ્યા છે. રાજયમાં અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, ડાંગ, પાટણ, પોરબંદર, સુરેન્દ્રનગર અને વલસાડ એમ કુલ ૧૦ જીલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૩૧૫ દર્દીઓ નોંધાયા છે અને રાજયભર માંથી ૨૭૨ દર્દીઓ સાજા થયેલ છે આ સાથે રાજયનો રીકવરી રેટ ૯૭.૭૦ ટકા જેટલો છે. રાજયમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસો ના લીધે ૨,૬૧,૨૮૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

★★★★★

**રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગત નીચે મુજબ છે.**

| એક્ટીવ કેસ | | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|
| કુલ | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૧૭૩૨ | 30 | ૧૭૦૨ | ૨૬૧૨૮૧ | ૪૪૦૬ |

**રાજ્યમાં આજ રોજ કોવીડ–૧૯ નાં કારણે કુલ ૧ દુઃખદ મૃત્યુ નોંધાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

| જીલ્લો/ કોર્પોરેશન | મૃત્યુ |
|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૧ |
| કુલ | ૧ |

**રાજ્યમાં આજ રોજ નોંધાયેલકોવીડ-૧૯ ના કેસ અને ડીસ્ચાર્જની વિગત  નીચે મુજબ છે.**

| જીલ્લો/ કોર્પોરેશન | કેસ | ડીસ્ચાર્જ |
|---|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૭૦ | ૪૯ |
| વડોદરા કોર્પોરેશન | ૫૯ | ૪૩ |
| સુરત કોર્પોરેશન | ૪૮ | ૪૦ |
| રાજકોટ કોર્પોરેશન | ૩૯ | ૧૩ |
| કચ્છ | ૧૦ | ૧૦ |
| વડોદરા | ૯ | ૮ |
| જામનગર કોર્પોરેશન | ૭ | ૧૦ |
| ખેડા | ૭ | ૪ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૬ | ૪ |
| નર્મદા | ૬ | ૦ |
| દેવભૂમિ દ્વારકા | ૫ | ૦ |
| ગીર સોમનાથ | ૫ | ૧૮ |
| ગાંધીનગર | ૪ | ૪ |
| જુનાગઢ | ૪ | ૫ |
| સાબરકાંઠા | ૪ | ૪ |
| સુરત | ૪ | ૨ |
| અમરેલી | ૩ | ૦ |
| મહીસાગર | ૩ | ૭ |
| મોરબી | ૩ | ૫ |
| રાજકોટ | ૩ | ૧૧ |
| અમદાવાદ | ૨ | ૧ |
| આણંદ | ૨ | ૧૮ |
| જામનગર | ૨ | ૩ |
| જુનાગઢ કોર્પોરેશન | ૨ | ૧ |
| તાપી | ૨ | ૦ |
| ભરૂચ | ૧ | ૦ |
| ભાવનગર કોર્પોરેશન | ૧ | ૧૦ |
| દાહોદ | ૧ | ૦ |
| મહેસાણા | ૧ | ૦ |
| નવસારી | ૧ | ૦ |
| પંચમહાલ | ૧ | ૨ |
| કુલ | ૩૧૫ | ૨૭૨ |